# India announces major commitments at Afghanistan Conference 2020

November 24 2020

---

## ભારત અફ્ઘાનિસ્તાન કોન્ફરન્સ 2020 માં મોટી પ્રતિબદ્ધતા ની ઘોષણા કરે છે

24 નવેમ્બર 2020

અફ્ઘાનિસ્તાન કોન્ફરન્સ 2020 કે જે જીનિવામાં 23 - 24 નવેમ્બર 2020 દરમિયાન વિ.ટી.સી. પ્લેટફોર્મ પર યોજાઈ રહી છે તેમાં ભાગ લઈ રહેલા ભારતીય પ્રતિનિધિમંડળ નું નેતૃત્વ ભારતના એક્સ્ટર્નલ અફેર્સ મિનિસ્ટર ડો. એસ. જયશંકર કરી રહ્યા છે. આ કોન્ફરન્સની યજમાની યુનાઈટેડ નેશન્સ ઈસ્લામિક અહીં પબ્લિક ઓફ પાકિસ્તાન ની સરકાર અને ફિનલેન્ડની સરકાર દ્વારા સંયુક્ત રીતે યોજાઈ રહી છે. આ કોન્ફરન્સનો ઉદ્દેશ ૨૦૧૫ થી 2024 ના દશકાના ઉત્તરાર્ધ દરમિયાન આંતરરાષ્ટ્રીય સમુદાય ની અફ્ઘાનિસ્તાન પ્રત્યે પ્રતિબધ્ધતા દોહરાવવાનો છે.

2. કોન્ફરન્સમાં એક્સટર્નલ અફેર્સ મિનિસ્ટરે એવી જાહેરાત કરી કે ભારતે અફ્ઘાનિસ્તાન સાથે તેના સાટુટ ડેમ ના બાંધકામ બાબતે હમણાં જ એક સહમતી કરી કે જે કાબુલ શહેરના બે મિલિયન રહેવાસીઓને સુરક્ષિત પીવાનું પાણી પુરુ પાડશે. અગાઉ ભારતે 202 કિલોમીટર લાંબી ફૂલ એ ખૂમરી ટ્રાન્સમિશન લાઈન બાંધી કે જેણે કાબુલ શહેરને વીજળી પૂરી પાડી. એક્સટર્નલ અફેર્સ મિનિસ્ટરે અફ્ઘાનિસ્તાનમાં હાઈ ઈમ્પેક્ટ કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટના ચોથા તબક્કાને લોન્ચ કરવાની પણ જાહેરાત કરી કે જેમાં ભારત અફ્ઘાનિસ્તાનમાં 80 મિલિયન યુ.એસ ડોલર થી વધુ કિંમતના 100 થી વધુ પ્રોજેક્ટ હાથ ધરશે. એક્સટર્નલ અફેર્સ મિનિસ્ટરે તેમના નિવેદનમાં અફ્ઘાનિસ્તાનના વિકાસમાં અને તેના લોકોના કલ્યાણ માટે એક પાડોશી તરીકે અને સ્ટ્રેટેજિક પાર્ટનર તરીકે ભારતના લાંબા ગાળાની પ્રતિબદ્ધતા ઉપર ખાસ ભાર મૂક્યો.

3. ભારતનું અફ્ઘાનિસ્તાનમાં ડેવલપમેન્ટ પોર્ટફોલિયો અત્યાર સુધીમાં 03 બિલીયન યુ.એસ ડોલર થી વધુ કિંમતનો થઈ ગયો છે. એક્સટર્નલ અફેર્સ મિનિસ્ટરે એ બાબત ઉપર ખાસ મારુતિ ઓકે અફ્ઘાનિસ્તાનના કુલ ૩૪ વિસ્તારોમાં ભારતે હાથ ધરેલ ૪૦૦થી વધુ પ્રોજેક્ટ દ્વારા આજે અફ્ઘાનિસ્તાનનો કોઈપણ ભાગ બાકી રહ્યો નથી. 64,000 થી વધુ અફ્ઘાન વિદ્યાર્થીઓએ ભારતમાં અભ્યાસ કરેલો છે.

4. એક્સટર્નલ અફેર્સ મિનિસ્ટરે દર્શાવ્યું કે અફઘાનિસ્તાનનો વિકાસ તેની લેન્ડ લોકડ ભૂગોળ ને કારણે સીમિત રહ્યો છે અને આ બાબતમાં ચાબહાર બંદર દ્વારા અને ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે સમર્પિત એર ફ્રેટ કોરિડોર દ્વારા વૈકલ્પિક કનેક્ટિવિટી પૂરી પાડવાના ભારતના પ્રયત્નોને ઉજાગર કર્યા હતા. કોરોનાની મહામારી દરમિયાન અફઘાનિસ્તાનમાં ફૂડ સિક્યુરીટી ને વધુ મજબૂત બનાવવા માટે ભારત દ્વારા 75,000 ટન જેટલા ઘઉંની માનવીય મદદ ચાબહાર બંદર દ્વારા પહોંચાડવામાં આવી હતી.

5. અફઘાનિસ્તાનમાં શાંતિ અને વિકાસ માટે ભારતે બહુ મોટું રોકાણ કરેલું છે અને ભારત માને છે કે છેલ્લા બે દાયકામાં જે ઉપલબ્ધીઓ થઈ છે તેની જાળવણી કરવી જ જોઈએ અને લઘુમતીઓ, મહિલાઓ અને વંચિત વર્ગના લોકો ના હિતો સુનિશ્ચિત કરવા જ જોઈએ. એક્સટર્નલ અફેર્સ મિનિસ્ટરે અફઘાનિસ્તાનમાં વધી રહેલા હિંસાના સ્તર બાબતે ચિંતા વ્યક્ત કરી હતી અને સર્વગ્રાહી અને તાત્કાલિક સીઝ ફાયર માટે ભારતે પુનરુચ્ચાર કર્યો હતો.

6. સમૃદ્ધ, શાંત, લોકશાહી અને સંગઠિત અફઘાનિસ્તાન માટે ભારત એક મહત્વના સ્ટેકહોલ્ડર તરીકે અફઘાનિસ્તાનના લોકો સાથે તેમજ વિશ્વ સમુદાય સાથે હાથ થી હાથ મિલાવીને ચાલવા માટે તત્પર છે.

ન્યુ દિલ્હી

નવેમ્બર 24 2020

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.